1. સમકાલીન વિશ્વમાં શાસનવ્યવસ્થાના મુખ્ય સ્વરૂપો ટૂંકમાં લખો.

- સમકાલીન વિશ્વ માં શાસનવ્યવસ્થાનાં મુખ્ય સ્વરૂપો નીચે મુજબ છે. (1) રાજાશાહી (2) સરમુખત્યારશાહી (3) ફાસીવાદ (4) નાઝીવાદ (5) સામ્યવાદ (6) લોકશાહી (7) સંસદીય (8)પ્રમુખગત

2. સમકાલીન વિશ્વ ના મુખ્ય અર્થ કારણોનાં નામ આપો.

- સમકાલીન વિશ્વમાં ત્રણ પ્રકારની અર્થવ્યવસ્થા જોવા મળે છે. 1) મૂડીવાદી (2) સામ્યવાદી (3) મિશ્ર

3. અમેરિકાની પ્રમુખગત લોકશાહી વિશે બેત્રણ વાક્યો લખો. અથવા પ્રમુખગત લોકશાહી એટલે શું?

- અમેરિકાની પ્રમુખગત લોકશાહીમાં રાષ્ટ્રપતિ પ્રજા દ્વારા ચૂંટાય છે. દર ચાર વર્ષે આ ચૂંટણી થાય છે. રાષ્ટ્રપતિ પોતે પોતાની કારોબારી પસંદ કરે છે. અને આ કારોબારી સંસદને નહિ પણ રાષ્ટ્રપતિને જવાબદાર હોય છે. રાષ્ટ્રપતિ પોતાના નિર્ણય માટે સ્વતંત્ર હોય છે.

4. આંતકવાદ એટલે શું?

- રાજકીય કે ધાર્મિક જુથો કોઈ હેતુ સિદ્ધ કરવા કોઈ વ્યક્તિ કે જૂથ પર બળજબરી, ધાકધમકી , હિંસા, માનવ હત્યા જેવી ત્રાસદાયકપ્રવૃતિઓ આચરે છે. આ પ્રવૃતિઓ દ્વારા તે સરકાર કે સતાધીશો પર દબાણ લાવવા પ્રયત્ન કરે છે, તેને આતંકવાદ કહે છે.

5. સમવાયતંત્ર વિશે ટૂંકમાં માહિતી આપો.

- દેશના બંધારણ અનુસાર કેન્દ્ર અને રાજય વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી હોય તો તેને સમવાયતંત્રી શાસન કહેવાય છે.